અપીલ અરજી નં.૩ર તા.ર–પ–૦૯/૧૦

અરજદારઃ શ્રી લક્ષ્મણભાઈ બી. ગાડોદિયા
સામાવાળાઃ (૧)ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)
(ર) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી લક્ષ્મણભાઈ બી. ગાડોદિયાની તા.૧૭–૩–૦૯ ની અરજીથી રે.સર્વે નં.૭૧, શ્રી રાધાકૃષ્ણ ઈન્ડ. કો.ઓ.સર્વિસ સોસાયટી લી.ઉધના મગદલ્લા રોડ, સુરતના માર્જિન પ્લોટ (ઓપન પ્લોટ) ઉપર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે મંદ્દા નં.૧ થી ૧૩ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.ર–પ–'૦૯ ની અપીલ અરજી નં.૩ર/ર૦૦૯–૧૦

શ્રી લક્ષ્મણભાઈ બી. ગાડોદિયાની તા.૧૭–૩–૦૯ ની અરજીથી રે.સર્વે નં.૭૧, શ્રી રાધાકૃષ્ણ ઈન્ડ. કો.ઓ.સર્વિસ સોસાયટી લી. ઉધના મગદલ્લા રોડ, સુરતના માર્જિન પ્લોટ (ઓપન પ્લોટ) ઉપર કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે મંદ્દા નં.૧ થી ૧૩ની માહિતી આપવા બાબતે આપેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૭ અને ૧૦ થી ૧૩ ની માંગ્યા મુજબની માહિતી ન મળેલ તથા મુદ્દા નં.૮ અને ૯ ની મળેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.ર–પ–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪ર તા.૧૩–પ–૦૯ થી ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૮ તા.૧ ૬–પ–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતી પૈકી આંશિક માહિતી મુદ્દા નં.૮ અને ૯ અંગેના દસ્તાવેજ ફી અંગે ન.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૬૩ તા.૩૦–૩–૦૯ થી રાધાક્રિષ્ન ઈન્ડ.કો.ઓ.સા. રે.સ. નં.૭૧ પૈકીમાં આવેલી મિલ્કતોના પાર્ટી સ્ટેટસ પ્રતિ પાના દીઠ રૂ.ર/– લેખે ર૯૪ પાનાના રૂા.પ૮૮/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.ર૬ તા.૧૭–૪–૦૯ ના રોજ મુદ્દા નં.૮ અને ૯ ની માહિતી અરજદારને પૂરી પાડયાની નકલ અત્રે રજૂ કરેલ છે. તથા નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૭ તા.૧પ–પ–૦૯ થી મુદ્દા નં.૧ થી ૩ અને ૧૦ ટાઉન પ્લાનરશ્રી (મધ્યસ્થ શહેર વિકાસ ) પ્રતિ તબદીલની નકલ તેમજ મુદ્દા નં.૪ થી ૧૧ ની માહિતી પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/૧૧૭ તા.૧ ૭–પ–૦૬ થી પૂરી પાડયાનું જણાવી તેની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૭–૩–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી મુદ્દા નં.૧ થી ૩ અને ૧૦ અંગે ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને નં.સા.વે./અઠવા/આરટીઆઈ/આ.નં.૬૦૩ તા.ર૧ –૩–૦૯ થી તબદીલ કરવામાં આવેલ છે. જયારે ડે.કમિશ્નર (સ્પે)અને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૮ અને ૯ ની માહિતી તા.૧૭–૪–૦૯ ના રોજ અરજદારને પૂરી પાડવામાં આવેલ જે અંગે અરજદારે અપીલ તબકકે અધૂરી માહિતી પૂરી પાડયાની રજૂઆત કરેલ છે જયારે બાકીના મુદ્દા નં.૪ થી ૭ અને ૧૧ થી ૧૩ મુદ્દાની માહિતી નહીં મળ્યાની અપીલ તબકકે રજૂઆત કરેલ છે. ટાઉન પ્લાનર અને મ.જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) કક્ષાએથી અરજદારને મુદ્દા નં.૧ થી ૩ તથા મુદ્દા નં.૧૦ ની અંશતઃ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.જયારે મુદ્દા નં.૪,પ અને ૬ બિન અધિકૃત બાંધકામો અંગે નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે જે અન્વયે કાયદેસરની કાર્યવાહી કરતાં સોસાયટી ધ્વારા કોર્ટ પ્રકરણ કરેલ છે તેવો જવાબ જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૭ અંગે સ્થા.સ.ઠ. નં.૩૧૦/૯૯ તા.૬–૩–૦૯ અન્વયે તા.૧–૩–૦૯ થી સફાઈ અનુદાન પેટે માસિક રૂ.૧૦૦૦/– ચૂકવવામાં આવે છે. જે સોસાયટીના પ્રમુખની દેખરેખ હેઠળ કરવામાં આવે છે. મુદ્દા નં.૮ અંગે ર૯૪ પેજની માહિતી આપવા જણાવેલ છે. પરંતુ અરજદારે ર૭૭ પેજની માહિતી મળેલ છે. જયારે ૧૭ પેજની માહિતી નહીં મળ્યાની રજૂઆત તથા શેડ નં.રર એ, ૪૧ એ, ૪૬ એ, ૬૮ ,૭૧ એ, ૭૬, ૮૦ દુકાન નં.૮, ૧૦૧ થી ૧૦પ, ૧૧૧,૧૧ર,૧૧૪,૧૧૭,૧રર,૧ર૪,ર૦૧ થી ર૦૬, ર૦૯,ર૧ર થી ર૧૩, ર૧પ,ર૧૬,ર૧૮,રર૦,રર૩ નવી દુકા નં.૧ થી પ અને ૧૦ થી ર૪ ના પાર્ટી સ્ટેટસ નહીં મળ યાની રજૂઆત કરેલ છે. જયારે મુદ્દા નં. ૯ અંગે સદર સોસાયટીમાં ભાડુઆતો દાખલ અંગેની માહિતી પૂરી પડાયેલ નથી. મુદ્દા નં.૧૦ અંગે આરોગ્ય લાયસન્સ આપવામાં આવેલ નથી પરંતુ ગુમાસ્તા લાયસન્સ, વ્યવસાય વેરા વસુલાત અને આકારણી દફતરે ભાડુત તરીકે દાખલ અંગેની માહિતી પૂરી પડાયેલ નથી. જયારે મુદ્દા નં.૧૧ અંગેની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૧ર સદર સોસાયટી વોર્ડ નં.૩ર ના ગેરકાયદેસર બાંધકામ ઉપર નિરીક્ષણ કરનાર તથા કાર્યવાહી કરનાર અધિકારી, સાફ સફાઈ કરનાર જવાબદાર અધિકારી અને વેરા વસુલાત અને આકારણી કરનાર જવાબદાર અધિકારીના નામ સરનામાં અને હોદ્દો સંપર્ક નંબર અને ૧૩ સદર સોસાયટીમાં બિન અધિકૃત બાંધકામ બાબતે આજ દિન સુધી કાર્યવાહી દૈનિક પ્રગતિ રોપોર્ટ રેકર્ડ તથા નોંધ કરેલ હોય તેની નકલની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ નથી. અરજદારે અપીલમાં નિર્દિષ્ટ મુદ્દાની ઈન્કાર માટે જાહેર માહિતી અધિકારી તરફથી કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

પાછળ

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ થી ૩ અને ૧૦ અંશતઃ ની નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કલમ–૭(૬) હેઠળ વિના મળ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૮ ની ઉકત જણાવેલ રાધાકૃષ્ણ સોસાયટીના ઈન્ડ. પ્લોટ તથા દુકાનોના નહીં પૂરી પડાયેલ પાર્ટી સ્ટેટસ , જયારે મુદ્દા નં.૯ અંગે સદર સોસાયટીમાં આકારણી દફતરે દાખલ કરેલ ભાડુતોની વિગત, જયારે મુદ્દા નં.૧૦ અંશતઃ ગુમાસ્તાધારા લાયસન્સ, વ્યવસાયવેરાની વસુલાત અને આકારણી દફતરે ભાડુત દાખલ કર્યાની વિગત અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી માહિતી નહીં આપવા નિર્ણય હોય તો કારણોસહ અરજદારને સૂચિત કરવા અથવા જાહેર હિતને અનુલક્ષી માહિતી આપવા ઉચિત નિર્ણય લઈ અરજદારને સૂચિત કરવા તથા મુદ્દા નં.૧૨ સદર વોર્ડ નંબર ૩૨ ના શહેર વિકાસ સાફસફાઈ અને વેરા વસુલાત અને આકારણીના જવાબદાર અધિકારીના નામ સરનામાં, હોદ્દો અને સંપર્ક નંબરની વિગત તથા મુદ્દા નં.૧૩ અંગે શહેર વિકાસ વિભાગના સદર સોસાયટી બાબતે થયેલ રીપોર્ટ રેકર્ડ અને નોંધની ઉપલબ્ધ માહિતી અરજદારને નહીં પૂરી પડાયેલ હોઈ આરટીઆઈની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે દિન–૧૫ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી, (અઠવા ઝોન) તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ )..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી લક્ષ્મણભાઈ બી. ગાડોદિયા, દુકાન નં.૧૨૦, રાધાકૃષ્ણ સોસા., ઉધના મગદલ્લા રોડ, સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારુ